# ૧૯. મગફળી

## વાવેતર સમય

**ચોમાસુ મગફળીનું વાવેતર ત્રણ તબક્કામાં થઈ શકે.**

૧. ચોમાસુ મગફળીનું આગોતર વાવેતર માટે મે મહિનાના છેલ્લા અઠવાડિયાથી જૂન મહિનાના પ્રથમ અઠવાડિયામાં પિયત આપીને કરવું. જેમાં જીએયુ જી-૧૦, જી જી-૧૧, જીજી-૧૩, જેજી જે એચપીએસ-૧, જીજેજી-૧૭ જેવી મોડી પાકતી વેલડી જાતોનું વાવેતર કરી શકાય.

૨. સમયસરના વાવેતર માટે ૧૫ જૂન થી ૩૦ જૂન સુધીમાં વાવણી લાયક વરસાદ થયે ઉભડી, અર્ધ વેલડી અથવા વેલડી જાતોનું વાવેતર કરી શકાય જેમાં અર્ધ વેલડી જાતો જીજી-૨૦ અને જીજેજી-૨૨ ને પ્રધ્યાન આપવું.

૩. સંતોષકારક વાવણી લાયક વરસાદ જુલાઇ માહિનામાં થાય તો ઉભડી મગફળીની જીજી-૨,જીજી-૫, જીજી-૭,ટીજીએ-૩૭ અને જીજેજી-૯ જાતોનું જ વાવેતર કરવું.

## બીજ પસંદગી, બિયારણનો દર અને વાવેતર અંતર

| મગફળીનો પ્રકાર | મગફળીની જાતો | વાવણીનું અંતર (સે.મી.) | બિયારણનો દર (દાણાં) કિ.ગ્રા./હે. |
|---|---|---|---|
| ઉભડી | જીજી-૨, જીજી-૫, જીજી-૭, ટીજી-૨૬, ટીજી-૩૭-એ, જીજેજી-૯ | ૪૫ × ૭.૫ થી ૧૦ | ૧૦૦ |
| અર્ધવેલડી | જીજી-૨૦, જીજેજી-૨૨ | ૬૦ × ૧૦ | ૧૨૦ |
| વેલડી | જીએયુજી-૧૦, જીજી-૧૧, જીજી-૧૨, જીજી-૧૩અને જેજીજે - એચપીએસ-૧, જીજેજી-૧૭ | ૭૫ × ૧૦ થી ૧૫ | ૧૦૦-૧૧૦ |

## બીજ સંસ્કાર અને ઘન જીવામૃત :-

સારા ઉગાવા, રોગ-જીવાત સામે રક્ષણ મેળવવા અને સારું ઉત્પાદન મેળવવા મગફળીના બીજને બીજામૃતથી સંસ્કારીત કરવા. બીજામૃતનો પટ આપી બીજને છાયડામાં સૂકવી વાવેતર કરવું. બીજામૃતની માવજતથી ઉગાવો ઝડપથી અને સારો થાય છે ઉપરાંત પાકને જમીન જન્ય રોગોથી બચાવી શકાય. વાવેતર સમયે ૧૦૦ કિલો છાણિયું ખાતર અને ૧૦૦ કિલો ઘન જીવામૃત ભેળવીને ૧ એકર જમીનમાં નાખો. પાક અવશેષોનું મલ્ચીંગ કરવું, ત્યારબાદ મહિનામાં એકવાર જમીન ઉપર ૨૦૦ લિટર જીવામૃત પ્રતિ એકર છાંટો અથવા જીવામૃત પાક ઉપર છાંટો.

## જીવામૃતનો જમીનમાં ઉપયોગ

વાવેતર બાદ એક એકર જમીનમાં ૨૦૦ લિટર જીવામૃત પાણી સાથે આપવું. ત્યાર બાદ મહિનામાં બે વાર ૨૦૦ લિટર જીવામૃત પ્રતિ એકર પ્રમાણે જમીનમાં આપવું અથવા પિયતના પાણી સાથે આપવું.

## જીવામૃતનો પાક ઉપર છંટકાવ

### પ્રથમ છંટકાવઃ-

વાવેતરના એક મહિના પછી ૫ લિટર જીવામૃતને ૧૦૦ લિટર પાણી સાથે છંટકાવ કરવો.

### બીજો છંટકાવઃ-

પહેલા છંટકાવના ૨૧ દિવસ પછી ૭.૫ લિટર જીવામૃતને ૧૨૦ લિટર પાણી સાથે છંટકાવ કરવો.

### ત્રીજો છંટકાવઃ-

બીજા છંટકાવના ૨૧ દિવસ પછી ૧૦ લિટર જીવામૃતને ૧૫૦ લિટર પાણી સાથે છંટકાવ કરવો

### ચોથો છંટકાવઃ-

ત્રીજા છંટકાવના ૨૧ દિવસ પછી ૧૫ લિટર જીવામૃતને ૧૫૦ લિટર પાણી સાથે છંટકાવ કરવો

### પાંચમો છંટકાવઃ-

ચોથા છંટકાવના ૨૧ દિવસ બાદ ૩ લિટર ખાટી છાશમાં ૧૦૦ લીટર પાણી મેળવી છંટકાવ કરવો

## આંતર/મિશ્ર પાકો

ચોમાસુ મગફળીના વરસાદ આધારિત પાકમાં આંતર/મિશ્ર પાક લેવાથી પાક

નિષ્ફળ અથવા ઉત્પાદન ઓછા થવાના જોખમ સામે રક્ષણ મેળવવા માટે મગફળી સાથે કપાસ, એરંડા, તુવેર, તલ, સૂર્યમુખી જેવા પાકો આંતરપાક તરીકે લેવાથી સરવાળે બે પાકમાંથી વધુ આવક મળી શકે છે.

- સંકર કપાસ ૧૮૦ સે.મી.ના અંતરે વાવેતર કરી વચ્ચે ઉભડી મગફળીની બે હાર કરવી.
- મગફળીની વેલડી જાતનુ ૯૦ સે.મી.ના અંતરે વાવેતર કરી વચ્ચે સૂર્યમુખીની એક હાર કરવી.
- સંકર દિવેલાંનું ૧૨૦ સે.મી.ના અંતરે વાવેતર કરી વચ્ચે ઉભડી મગફળીની બે હાર ૩૦ સે.મી.ના અંતરે વાવવી.
- આડી મગફળીના ઉભા પાકમાં છેલ્લી આંતરખેડ પછી તુવેરની મધ્યમ મોડી પાકતી જાત બીડીએન-૨ મગફળીની બે હાર વચ્ચે વાવેતર કરવાથી મગફળીના પાકમાં ઉત્પાદનનો ઘટાડો થયા વગર વધારાનુ ઉત્પાદન મેળવી શકાય છે.
- ૯.૬ મીટરના અંતરે વાવેતર કરેલ ગ્લીરીસીડીયાના એલે ક્રોપમાં મગફળીનું વાવેતર કરવું.

## રોગ-જીવાત

મગફળીમાં રોગ અથવા જીવાતનો ઉપદ્રવ જોવા મળે ત્યારે નીચે મુજબના પગલાં લઈ શકાય.

(ક) **ચૂસીયા પ્રકારની જીવાત :** ૩ લીટર નિમાસ્ત્ર ૧૦૦ લીટર પાણીમાં મિશ્રિત કરી એક એકરમાં છંટકાવ કરવો.

(ખ) લીમડાનું તેલ પણ વાપરી શકાય છે. ૨૦ મિલી લીમડાનું તેલ પ્રતિ ૧૦ લીટર પાણી સાથે મિશ્રિત કરી છંટકાવ કરવો.

(ગ) **કૃમિ (સુંડી) :** ૩ લીટર બ્રહ્માસ્ત્ર ૧૦૦ લીટર પાણીમાં ભેળવી એક એકરમાં છંટકાવ કરવો.

(ઘ) થડ વેધક, ફળ વેધક, કૃમિ માટેઃ ૩ લીટર અગ્નિઅસ્ત્ર ૧૦૦ લીટર પાણીમાં મિશ્રિત કરી એક એકરમાં છંટકાવ કરવો.

(ચ) **ફૂગના રોગ :** ફૂગ અને વાયરસ ધ્વારા ફેલાતા રોગોના નિવારણ માટે ૩ લીટર ખાટી છાશમાં ૧૦૦ લીટર પાણી મેળવી છંટકાવ કરો. ખાટી છાશ ૩ થી ૪ દિવસ જૂની હોવી જોઈએ.